

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही આગ ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00


Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 42 ■ તા. 25-10-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

હુમલો થશે તો દરિયાઈ ઈન્ટરનેટ કેબલ તોડીશું, ઈરાનની અમેરિકા-ઈઝરાયેલને ચેતવણી

તહેરાન, તા.૨૪

મિડલ ઈસ્ટમાં તણાવ વધ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર સંભવિત નવા સૈન્ય હુમલાની અટકળો વચ્ચે તેહરાને એક અત્યંત આક્રમક અને ખતરનાક ચેતવણી આપી છે. ઈરાની અધિકારીઓના જણાવ્યા મુજબ, જો તેમના પર કોઈ પણ પ્રકારનો હુમલો થશે, તો તેઓ ખાડી દેશોમાં સમુદ્રની અંદર બિછાવેલી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને કોમ્યુનિકેશન કેબલ્સને નિશાન બનાવશે.ઈરાની સૂત્રો અને સુરક્ષા અધિકારીઓના કહેવા મુજબ, જો સંઘર્ષ વણસશે તો ઈરાન માટે કોઈ 'રેડ લાઈન' બાકી રહેશે નહીં. બદલાની કાર્યવાહી રૂપે સમુદ્રની અંદર રહેલા ડેટા અને કોમ્યુનિકેશન નેટવર્કને નષ્ટ કરવામાં આવશે, જેથી લાંબા સમય સુધી વૈશ્વિક સ્તરે ઈન્ટરનેટ સેવાઓ ઠપ થઈ શકે. એટલું જ નહીં, ઈરાન આ કેબલ્સની રિપેર પણ નહીં થવા દે તેવી ધમકી આપી છે.યુએનની ટેલિકોમ્યુનિકેશન એજન્સીના આંકડા સાક્ષી છે કે દુનિયાભરનું ૯૯% ઈન્ટરનેટ ટ્રાફિક આ સબમરીન/દરિયાઈ કેબલ્સના માધ્યમથી જ ચાલે છે. જો આ કેબલ્સ પર હુમલો થાય અથવા તે ક્ષતિગ્રસ્ત થાય, તો આંતરરાષ્ટ્રીય સ્તરે કમ્યુનિકેશન કટ થઈ શકે છે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને કરોડો-અબજો ડોકટરનું નુકસાન થઈ શકે છે.ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી મોહસિન રેજાઈએ અગાઉ પણ ચેતવણી આપી હતી કે, જો અમેરિકા હુમલો કરશે તો માત્ર કેબલ જ નહીં, પરંતુ ખાડી દેશોમાં આવેલી અમેરિકન કંપનીઓના ડેટા સેન્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હબ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તેમના નિશાના પર રહેશે.આ વધતા તણાવ વચ્ચે તુર્કિના વિદેશ મંત્રી હકાન ફિદાને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ઈસ્તંબુલમાં ફ્રાન્સ, જર્મની,



બ્રિટન, ઈટાલી, સાઉદી અરેબિયા અને પાકિસ્તાન સહિતના દેશોના વિદેશ મંત્રીઓની બેઠક બોલાવીને ચેતવણી આપી હતી કે જો આ યુદ્ધ વધ્યું તો સમગ્ર ક્ષેત્ર અસ્થિર થઈ જશે અને તેનો વ્યાપ અનપેક્ષિત રીતે વધી જશે. આનો ઉકેલ માત્ર કૂટનીતિ અને વાતચીત દ્વારા જ લાવવો જોઈએ.

વીજકર્મીઓની હડતાળથી લાખો લોકો અંધારામાં

હરિયાણામાં ૪૦ કલાક વીજસંકટ, ૧૦ લાખ ઘરો અને ઓફિસોમાં અંધારપટ

કલાકો સુધી વીજપૂરવઠો ખોરવાયેલો રહેવાથી સામાન્ય જનજીવન ઠપ થતા લોકો રસ્તા પર ઉતર્યા

ગુરુગ્રામ, તા.૨૪

હરિયાણામાં ખાનગીકરણના વિરોધમાં ૪૦,૦૦૦ જેટલા વીજ કર્મચારીઓ હડતાળ પર જતાં વીજકટોકટી સર્જાતા રાજ્યના ૨૩ જિલ્લામાં આઠથી ૧૦ લાખ ઘરો અને ઓફિસોમાં અંધારપટ છવાઈ ગયો હતો. રાજ્યમાં અનેક જિલ્લામાં ૪૦ કલાક સુધી વીજપુરવઠો ખોરવાઈ જતા ઘરો, ઓફિસો, ફેક્ટરીઓ ઠપ થઈ ગયા હતા. ગુસ્સે ભરાયેલા લોકોએ અનેક સ્થળો પર ટ્રાફિક જામ કરી ભારે હોબાળો મચાવતા સ્થિતિ કથળી હતી. અંતે બે દિવસે સફાળી જાગેલી સરકારે વીજ કર્મચારીઓ સાથે બેઠક કર્યા પછી તેમણે હડતાળ ખતમ કરવાની જાહેરાત કરી હતી.હરિયાણામાં ગુરુગ્રામ અને નૂંહમાં ખાનગી કંપનીને વીજવિતરણનું લાઈસન્સ આપવા સાથે વીજક્ષેત્રના ખાનગીકરણના વિરોધમાં ૪૦ હજારથી વધુ વીજળી કર્મચારીઓની હડતાળથી અનેક જિલ્લામાં વીજપૂરવઠો ખોરવાઈ ગયો હતો, જેથી બે દિવસ સુધી વીજસંકટ સર્જાતા રાજ્યના અંદાજે ૧૦ લાખ જેટલા ઘરો, ઓફિસો અને ફેક્ટરીઓમાં અંધારપટ થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.ગુરુગ્રામમાં ૪૦ કલાક સુધી ૫૦ ટકા ભાગમાં બ્લેકઆઉટની સ્થિતિ હતી. સ્માર્ટ સિટી ફરિદાબાદમાં પણ ૨૪ કલાક કરતાં વધુ સમય સુધી વીજ પૂરવઠો ખોરવાઈ ગયો હતો. ગુરુવારે પણ રાતે અનેક વિસ્તારોમાં વીજપૂરવઠો ખોરવાયેલો રહ્યો હતો. ગુસ્સેભરાયેલા લોકોએ રસ્તા જામ કરી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. નૂહમાં ૨૪ કલાક કરતા વધુ સમય સુધી વીજળી બંધ રહી હતી. અનેક શહેરોમાં બુધવાર રાતે ૧૦ વાગ્યાથી જ વીજપૂરવઠો ખોરવાઈ



જવાનું શરૂ થયું હતું. આમ છતાં જિલ્લા તંત્ર કે સરકાર જાગ્યા નહીં. આખી રાત અંધારામાં રહેવાની સાથે લોકોએ ગુરુવારે સવારે પાણીના સંકટનો પણ સામનો કરવો પડયો હતો. વીજસંકટના કારણે સ્કૂલો પણ બંધ રાખવી પડી હતી. હજારો ઘરો અને ઓફિસોમાં પાણી બંધ થઈ જવાથી લોકોએ ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા. વીજળી કર્મચારીઓએ હડતાળની જાહેરાત અગાઉથી કરેલી હોવા છતાં સરકારે અગાઉથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ના કરતાં લોકોમાં ભારે ગુસ્સો જોવા મળ્યો હતો.વીજળી સંકટના કારણે ઔદ્યોગિક ક્ષેત્રોને મોટો ફટકો પડયો હતો. અનેક ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદન ઠપ થઈ ગયું હતું, જેથી તેમને આર્થિક નુકસાન થયું હતું. કામદારોના કામ પર પણ અસર થઈ હતી.બે દિવસ સુધી લોકોની ભારે હેરાનગતિ બાદ અંતે મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીની સરકાર જાગી હતી અને તેમણે વીજકર્મચારીઓ સાથે બેઠક કરી હતી.

મુખ્યમંત્રી નાયબસિંહ સૈની અને વીજળી મંત્રી અનિલ વીજે કર્મચારીઓ સાથે બે તબક્કાની બેઠક કરી હતી અને તેમને ખાનગી વીજકંપનીઓના લાઈસન્સ રદ કરવાનું આશ્વાસન આપતા કર્મચારીઓએ હડતાળ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. જેથી, વીજળી કર્મચારીઓ તાત્કાલિક નોકરી પર પાછા ફર્યા હતા. હવે ત્રણ નવેમ્બરે સરકાર અને કર્મચારી સંગઠનો વચ્ચે ફરીથી બેઠક થશે.

દિલ્હીમાં મતદાર યાદીમાંથી લાખો નામ દૂર કરાયાં

દિલ્હીમાં ૪૭.૬ લાખ નામ કપાયાં, નવેસરથી નોંધણી માટે માત્ર ૨.૫૦ લાખ અરજીઓ આવી

SIR અભિયાન બાદ મતદાર યાદીમાં નામ ઉમેરવા ૩૦ ઓક્ટોબર સુધી તક, ૪ ડિસેમ્બરે અંતિમ યાદી જાહેર થશે

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હીમાં મતદાર યાદી ના વિશેષ સઘન સુધારણા અભિયાન બાદ લાખો લોકોનાં નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. જોકે, આટલી મોટી સંખ્યામાં નામ દૂર થયા હોવા છતાં નવેસરથી નામ ઉમેરવા માટે અરજી કરનારા લોકોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. મુખ્ય ચૂંટણી અધિકારી ની કચેરીના જણાવ્યા અનુસાર, 31 ઓગસ્ટથી 22 ઓક્ટોબર, 2026 સુધીમાં ફોર્મ-6 ની કુલ 2,50,754 અરજીઓ મળી છે. બીજી તરફ, 31 ઓગસ્ટે જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી લગભગ 47.6 લાખ નામ દૂર કરવામાં આવ્યાં હતાં.દિલ્હીમાં મતદાર યાદી સુધારવાની પ્રક્રિયા 30 જૂનથી શરૂ કરવામાં આવી હતી. તે સમયે દિલ્હીની મતદાર યાદીમાં આશરે 1.45 કરોડ લોકોનાં નામ હતાં. ત્યારબાદ 31 ઓગસ્ટે જાહેર થયેલી ડ્રાફ્ટ યાદીમાં લગભગ 47.6 લાખ નામ દૂર કરવામાં આવ્યાં હતાં.ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગેરહાજર, અન્ય સ્થળે સ્થળાંતર કરેલા , મૃત્યુ પામેલા અથવા ડુપ્લિકેટ નામ જેવી શ્રેણીઓ હેઠળ આ નામ દૂર કરાયાં હતાં. આ શ્રેણીઓને સંયુક્ત રીતે ASDD તરીકે ઓળખવામાં આવે છે.જોકે, નામ ડ્રાફ્ટ યાદીમાંથી દૂર થવાનો અર્થ એ નથી કે સંબંધિત વ્યક્તિ હંમેશાં માટે મતદાનના અધિકારથી વંચિત થઈ ગઈ છે. પાત્રતા ધરાવતા લોકો જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને પોતાનું નામ ફરી મતદાર યાદીમાં સામેલ કરાવવા માટે અરજી કરી શકે છે.મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ આપેલી માહિતી અનુસાર, 22 ઓક્ટોબર સુધીમાં ફોર્મ-6ની 2,50,754 અરજીઓ મળી હતી. આ આંકડામાં નવા મતદારો તરીકે નોંધણી કરાવવા માગતા લોકો તેમજ SIR દરમિયાન નામ દૂર થયેલા લોકોની અરજીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ડ્રાફ્ટ યાદી જાહેર થાય તે પહેલાં પણ ફોર્મ-6ની 2,12,400 અરજીઓ મળી હતી. એટલે કે, 31 ઓગસ્ટથી 22 ઓક્ટોબર વચ્ચેની અવધિમાં નામ ઉમેરવા માટેની અરજીઓની સંખ્યા દૂર કરાયેલા નામોની સરખામણીએ ઘણી ઓછી રહી છે.ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે 20 સપ્ટેમ્બરથી 22 ઓક્ટોબર દરમિયાન જ ફોર્મ-6ની 1,58,470 અરજીઓ મળી હતી. મતદારોને મદદ કરવા માટે દિલ્હીમાં આશરે 89 હજાર વિશેષ શિબિરો પણ યોજવામાં આવી હતી.જિલ્લાવાર આંકડાઓમાં પશ્ચિમ દિલ્હી સૌથી આગળ રહ્યું હતું. અહીં 30,361 અરજીઓ મળી હતી. ત્યારબાદ ઉત્તર-પશ્ચિમ દિલ્હીમાં 25,925 અને પૂર્વ દિલ્હીમાં 24,200 અરજીઓ નોંધાઈ હતી.દક્ષિણ-પૂર્વ દિલ્હીમાં 24,153 અરજીઓ મળી હતી, જ્યારે ઉત્તર-પૂર્વ દિલ્હીમાં 24,136 અરજીઓ નોંધાઈ હતી. દક્ષિણ-પશ્ચિમ દિલ્હીમાં 22,098 અને દક્ષિણ દિલ્હીમાં 21,322 અરજીઓ મળી હતી.બીજી તરફ, નવી દિલ્હી જિલ્લામાં સૌથી ઓછી માત્ર 4,341 અરજીઓ નોંધાઈ હતી. જૂની દિલ્હીમાં 10,668 અને મધ્ય દિલ્હીમાં 10,796 અરજીઓ મળી હતી.3.3 કરોડ નહીં, 33 લાખ લોકોની વિગતોમાં વિસંગતતાચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આશરે 33 લાખ લોકોની વિગતોમાં વિસંગતતા જોવા મળી હતી. આમાં વર્ષ 2002ની આધાર મતદાર યાદી સાથે સંબંધ ન મળવો અથવા અન્ય વિગતોમાં તફાવત હોવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો.આમાંથી લગભગ 29.5 લાખ લોકોની વિગતોની સમસ્યાઓ ઉકેલાઈ ગઈ છે.

આરોગ્ય એજન્સીઓ સતર્ક થઈ

ફ્રાન્સમાં શર્મોંડા વાયરસનો પ્રથમ માનવ કેસ

પેરીસ, તા.૨૪

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા ફ્રાન્સમાં 'શર્મોંડા વાયરસ' ના વિશ્વના પ્રથમ માનવ સંક્રમણ કેસની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. ફ્રાન્સના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સંક્રમિત દર્દીની ઉંમર 60 વર્ષથી વધુ હતી અને તેમની રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુનિટી) પણ ખૂબ જ નબળી હતી. સારવાર દરમિયાન દર્દીનું મૃત્યુ થયું છે.અત્યાર સુધી આ વાયરસ માત્ર પશુઓમાં જ જોવા મળતો હતો અને તે સામાન્ય રીતે ઢોર, ઘેટાં, બકરીઓ, ઘોડા અને અલ્પાકા જેવા પ્રાણીઓને પ્રભાવિત કરે છે. પશુઓમાંથી મનુષ્યમાં વાયરસ ફેલાવાની આ પ્રથમ ઘટના સામે આવતા વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓ સતર્ક થઈ ગઈ છે.શામાંડા વાયરસ સૌપ્રથમ 1960 ના દાયકામાંનાઈજીરીયાના પશુઓમાં મળી આવ્યો હતો. ત્યારબાદ આળિકા અને એશિયાના કેટલાક ભાગોમાં નાના-મોટા કિસ્સા નોંધાયા છે.

આ વાયરસ શ્માલેનબર્ગ (Schmallenberg) વાયરસ પરિવાર સાથે સંબંધ ધરાવે છે, જે પશુઓમાં પ્રજનન સંબંધિત ગંભીર સમસ્યાઓ ઊભી કરવા માટે જાણીતો છે.વિશ્વ પશુ સ્વાસ્થ્ય સંગઠન મુજબ, ગર્ભવતી પશુઓમાં આ વાયરસના કારણે ગર્ભપાત, મૃત જન્મ (સ્ટીલ બર્થ) અને જન્મજાત ખામીઓ થઈ શકે છે. ગંભીર કિસ્સાઓમાં પશુઓમાં તીવ્ર તાવ, ઝાડા, ભૂખ ન લાગવી અને દૂધના ઉત્પાદનમાં અચાનક મોટો ઘટાડો થવા જેવા લક્ષણો જોવા મળે છે.મનુષ્યોમાં આ વાયરસના સંક્રમણનો આ પ્રથમ કિસ્સો હોવાથી, માનવ શરીરમાં તેના ચોક્કસ લક્ષણો કેવા હોઈ શકે તે અંગે હજુ સુધી પૂરતી માહિતી ઉપલબ્ધ નથી. જોકે, મનુષ્યોમાં આ વાયરસના સંક્રમણનું મુખ્ય કારણ 'ક્યુલિકોઈડ્સ' (Culicoides) પ્રજાતિની મિજ માખી કે નાના કીડાને માનવામાં આવી રહ્યું છે. આ કીડા સંક્રમિત પશુઓને કરડયા બાદ વાયરસના વાહક (કેરિયર) બને છે અને ત્યારબાદ મનુષ્યોને કરડીને વાયરસ ફેલાવી શકે છે.રાહતની વાત એ છે કે, અત્યાર સુધી આ વાયરસ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો હોવાના કે સંક્રમિત પશુઓને સ્પર્શ કરવા કે તેમની સંભાળ રાખવાથી ફેલાતો હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. હાલમાં WHO અને આરોગ્ય એજન્સીઓ આ સંક્રમણના કારણો અને તેના જોખમોને વધુ સારીરીતે સમજવા માટે વધુ તપાસ કરી રહી છે.

વાનુઅતુમાં ૨૫ સેકન્ડના અંતરે ૭.૧ અને ૬.૯ની તીવ્રતાના ભૂકંપના આંચકા

નવી દિલ્હી, તા.૨૪

દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલા ટાપુ દેશ વાનુઅતુમાં ૨૪ ઓકટોબરની વહેલી સવારે ભૂકંપના બે જોરદાર આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર અને યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે ના અહેવાલ મુજબ, સવારે ૮:૦૧ વાગ્યે સૌપ્રથમ ૭.૧ની તીવ્રતાનો ભારે ભૂકંપ આવ્યો હતો અને તેના માત્ર ૨૫ સેકન્ડના ટૂંકા અંતરાલ બાદ ૬.૯ની તીવ્રતાનો બીજો મોટો આંચકો પણ નોંધાયો હતો. આ બંને શક્તિશાળી ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હોવાનું સામે આવ્યું છે.પ્રથમ ભૂકંપનું કેન્દ્ર વાનુઅતુના સોલાથી આશરે ૨૦૦ કિલોમીટર પશ્ચિમમાં નોંધાયું હતું,

જ્યારે બીજા આંચકાનું કેન્દ્ર પોર્ટ-ઓલરીના પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમમાં આશરે ૧૯૭ કિલોમીટર દૂર સ્થિત હતું. ઓસ્ટ્રેલિયાની પૂર્વમાં અને ફિજીની પશ્ચિમમાં અંદાજે ૧૭૫૦ કિલોમીટર દૂર આવેલો વાનુઅતુ દેશ અનેક નાના-મોટા ટાપુઓનો બનેલો સમૂહ છે. આ પ્રદેશ 'રિંગ ઓફ ફાયર' નજીક હોવાને કારણે અહીં અવારનવાર સિસ્મિક ગતિવિધિઓ થતી રહે છે. પૃથ્વીની ટેકટોનિક પ્લેટોની અરસપરસ ટક્કર અને તેનાથી પેદા થતી ઉર્જા અચાનક બહાર નીકળવાને કારણે આ પ્રકારના વિનાશક ભૂકંપો સર્જાતા હોય છે.આ ભયાનક ભૂકંપના આંચકા બાદ વાનુઅતુમાં જાનમાલના નુકસાન કે ઈમારતોને થયેલી ક્ષતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. આ ઉપરાંત, આ ભૂકંપના કારણે કોઈ સુનામીનું જોખમ સર્જાયું છે કે કેમ તે અંગે પણ હાલ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સ્થાનિક વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ દ્વારા સમગ્ર સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

ફ્રાન્સમાં ગોળીબારથી ખળભળાટ

ફ્રાન્સમાં આફ્રિકન મૂળના લોકો પર ગોળીબાર, ચાર ઘાયલ

પેરિસ નજીક ટ્રેપ્સમાં હુમલા બાદ શંકાસ્પદની ધરપકડ, સંભવિત હિંસક પ્રદર્શનો વચ્ચે ભારતે નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરી

પેરિસ, તા.૨૪

ફ્રાન્સમાં શનિવારે યોજાનાર દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો અગાઉ શુક્રવારે રાજધાની પેરિસ નજીક આવેલા ટ્રેપ્સ શહેરમાં એક બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ બનાવમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું, જ્યારે ૧૨ વર્ષની બાળકી સહિત ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. શંકાસ્પદ હુમલાખોરની અટકાયત કરી લેવામાં આવી અને તપાસ એન્ટી-ટેરરિઝમ પ્રોસિક્યુશન ઓફિસને સોંપવામાં આવી છે.હુમલાખોર યુરોપિયન મૂળનો હોવાનું સામે આવ્યું છે, જેણે પોતાની કારમાંથી આફ્રિકન અને ઉત્તર આફ્રિકન મૂળના લોકો પર ગોળીબાર કર્યો હતો. ઘાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતાં તેને આતંકવાદી અને રેસિસ્ટ હુમલો ગણાવ્યો હતો. વધુમાં, ફ્રાન્સના ઈતિહાસનો 'ટર્નિંગ પોઈન્ટ' ગણાવતા તેમણે ઉમેર્યું કે, પીડિતોને તેમના ધર્મ અને ત્વચાના રંગના કારણે નિશાન બનાવવામાં આવ્યા હતા.ફ્રાન્સમાં ફુગાવો (મોંઘવારી), બળતણના ઊંચા ભાવ અને જાહેર ક્ષેત્રના બજેટમાં કાપ સામે વિવિધ સંગઠનો, વિદ્યાર્થી જૂથો અને યલો વેસ્ટ આંદોલનના કાર્યકરો દ્વારા દેશવ્યાપી પ્રદર્શનોનુંઆહવાન કરવામાં આવ્યું છે. હિંસા, આગજની અને લૂંટફાટની શક્યતાને ધ્યાનમાં રાખીને સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ થી વધુ પોલીસ અને સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે.હેલિકોપ્ટર દ્વારા સર્વેલન્સ, બખ્તરબંધ વાહનો અને વોટર કેનન દ્વારા સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારો તેમજ પેરિસના લૂવ્ર મ્યુઝિયમ સહિતના પ્રખ્યાત સંગ્રહાલયો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આંતરિક મંત્રી લારન્ટ નુનેજે હિંસા ભડકાવનાર સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.ફ્રાન્સ સહિત યુરોપના કેટલાક દેશોમાં સંભવિત હિંસક પ્રદર્શનો અને તંગદિલીને ધ્યાનમાં રાખીને ભારતના વિદેશ મંત્રાલયે પોતાના નાગરિકો માટે ટ્રાફિક અને સુરક્ષા એડવાઈઝરી જારી કરી છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલ જણાવ્યું કે ફ્રાન્સ, ઈટાલી અને બેલ્જિયમ સ્થિત ભારતીય દૂતાવાસોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે અને તેઓ સતત સ્થાનિક પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને ભીડભાડવાળા વિસ્તારથી દૂર રહેવા, બહાર નીકળતા પહેલા સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવવા અને ભારતીય દૂતાવાસના સતત સંપર્કમાં રહેવા સલાહ આપી છે.

25-10-2026_42 Jan Fariyad_New_P-1

અમદાવાદ ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ–૨૦૨૬

ગુજરાત રાજ્ય જેલ વિભાગનો સ્ટોલ B-૪૮ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો



અમદાવાદ ખાતે ૨૪ ઓક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૧:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી યોજાઈ રહેલા 'અમદાવાદ ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ–૨૦૨૬'માં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત પ્રકાશકો અને લેખકોની સાથે ગુજરાત રાજ્ય જેલ વિભાગનો સ્ટોલ મુલાકાતીઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આ સાહિત્યિક ઉત્સવમાં જેલ પ્રશાસનને સ્ટોલ નંબરઃ ૮-૪૮ ફાળવવામાં આવ્યો છે. આ સ્ટોલ પર રાજ્યની જેલોમાં ચાલી રહેલા સકારાત્મક સુધારાઓ, કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને બંદીવાનોના માનવીય પરિવર્તનની યાત્રાને પ્રતિબિંબિત કરતું મૂલ્યવાન સાહિત્ય પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

સ્ટોલ ૮-૪૮ ના મુખ્ય સાહિત્યિક આકર્ષણોઃ જેલ વ્યવસ્થાના ઐતિહાસિક સંદર્ભથી લઈને આજના આધુનિક અને સુધારાત્મક અભિગમ સુધીની તબક્કાવાર સફરનું ઊંડાણપૂર્વક વર્ણન કરતું માહિતીપ્રદ અને દસ્તાવેજી પુસ્તક આ સ્ટોલમાં છે. તે ઉપરાંત ગુનેગારીમાંથી સન્માનજનક જીવન તરફ દોરી જતા આંતરિક પરિવર્તનની પ્રેરક કથાઓ, જેલની ચાર દીવાલો વચ્ચે કેદીઓના પુનર્વસન, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા તેમના જીવનમાં આવેલા વાસ્તવિક બદલાવને વાચા આપતા પુસ્તક પણ ઉપલબ્ધ છે.

વિશ્વ અને દેશના જેલ વહીવટના માળખાકીય તથા નીતિવિષયક ફેરફારોને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરતો અંગ્રેજી ભાષાનો એક અધિકૃત અભ્યાસ ગ્રંથ પણ આ સ્ટોલમાં છે. બીજી તરફ સમગ્ર દેશના જેલ વિભાગોમાં સર્જન થયેલા વૈવિધ્યસભર સાહિત્યને આધુનિક ડિજિટલ સ્વરૂપમાં રજૂ કરતી ઐતિહાસિક ઈ-બુક પણ આકર્ષણ બની છે, જે જેલ તંત્રની રચનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓનું દર્શન કરાવે છે. પુસ્તકપ્રેમીઓ તેમજ નાગરિકોને જેલ પ્રશાસનના આ સુધારાત્મક અભિગમ અને પરિવર્તનકારી સાહિત્યિક પ્રવૃત્તિઓથી પરિચિત થવા સ્ટોલ નંબરઃ **B-૪૮** ની મુલાકાત લેવા જેલ ડીજીપી ડૉ.કે.એલ.એન રાવ દ્વારા અનુરોધ કરાયો છે.

ધ્રોલમાં હાઈસ્કૂલ સામે દારૂની હેરાફેરીનો પર્દાફાશ

ઈનોવા કારમાંથી રૂ. ૬.૦૬ લાખનો દારૂ-બિયર ઝડપાયો

જામનગર,

જામનગર જિલ્લાના ધ્રોલમાં દારૂની હેરાફેરી સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ધ્રોલ શહેરમાં હરધ્રોલ હાઈસ્કૂલ સામે ગોઠવેલી વોચ દરમિયાન પોલીસે ઈનોવા કારને અટકાવી તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૧,૦૬૮ નંગ દારૂ-બિયરના જથ્થા સાથે કારચાલકને ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન દારૂ, ઈનોવા કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૬,૦૬,૪૩૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો મંગાવનાર અને કારમાં ભરી આપનાર અન્ય બે શખસોનાં નામ સામે આવતાં પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ વડા ડૉ. રવિ મોહન સૈનીની સૂચના મુજબ દારૂ તથા જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત જામનગર ગ્રામ્ય ડીવાયએસપી પિયુષ વાંદાના માર્ગદર્શન હેઠળ ધ્રોલ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ મકવાણા, હરદેવસિંહ જાડેજા અને કલ્પેશભાઈ કામરિયાને બાતમી મળી હતી કે જોડિયા-ભાદરા પાટિયા તરફથી એક ઈનોવા કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી જામનગર તરફ લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે ધ્રોલ શહેરમાં હરધ્રોલ હાઈસ્કૂલ સામે વોચ ગોઠવી હતી.

પોલીસે શંકાસ્પદ ઈનોવા કાર નંબર GJ-૧૦-Y-૯૪૧૦ને અટકાવી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૧,૦૬૮ નંગનો જથ્થો કબજે કરીને કારચાલક પ્રેમભારથી ભીખુભારથી ગોસાઈ (ઉ.વ. ૩૦), રહે. ગાંધીનગર હાઉસિંગ બોર્ડ, સાઈબાબા મંદિર પાસે, જામનગરની ધરપકડ કરી હતી.

પકડાયેલા કારચાલકની પ્રાથમિક પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો જામનગરના જીતેન્દ્રભાઈ મનસુખભાઈ વિઠલાણીએ મંગાવ્યો હોવાનું અને સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડામાં રહેતા જનકસિંહ કિરીટસિંહ ઝાલાએ કારમાં જથ્થો ભરી આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે આ બંને શખસોને પણ ગુનામાં આરોપી તરીકે દર્શાવી તેમની ધરપકડ કરવા માટે શોધખોળ હાથ ધરી છે.

દારૂના જથ્થાની હેરાફેરીમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

ધ્રોલ પોલીસે આ કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૬,૦૬,૪૩૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમાં રૂ. ૨,૫૧,૪૩૬ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો, રૂ. ૩,૫૦,૦૦૦ની ઈનોવા કાર અને રૂ. ૫,૦૦૦નો મોબાઈલ ફોન સામેલ છે.ધ્રોલ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. ખાચરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે આ કામગીરી હાથ ધરી હતી. હવે ફરાર બંને આરોપીઓને ઝડપી પાડવા તેમજ દારૂની હેરાફેરીના સમગ્ર નેટવર્ક અંગે વધુ વિગતો મેળવવા પોલીસે તપાસ તેજ બનાવી છે.

પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટન ૭,૩૦૦નો વધારો કરાયો

મોરબી,

મોરબીનો વિશ્વપ્રસિદ્ધ સિરામિક ઉદ્યોગ છેલ્લા છ મહિના કરતા પણ વધુ સમયથી અનેક પડકારો સામે ઝઝૂમી રહ્યો છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ ત્યારથી જ આ ઉદ્યોગ સતત ગેસ સંકટનો સામનો કરી રહ્યો છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્તરે એક્સપોર્ટ બંધ થવું અને કન્ટેનરના ભાડામાં થયેલો મતિહીન વધારો જેવા પ્રશ્નોથી ઉદ્યોગકારો પહેલાથી જ પરેશાન હતા. આ તમામ મુશ્કેલીઓ વચ્ચે હવે પ્રોપેન ગેસના ભાવમાં થયેલા વિરાટ વધારાએ સિરામિક ઉદ્યોગની કમર તોડી નાખી છે.દિવાળીના તહેવારો પૂર્વે સિરામિક ઉદ્યોગકારોને ગેસના ભાવમાં કોઈ રાહત મળવાની આશા હતી, પરંતુ તેના બદલે પડ્યા પર પાટુ વાગ્યું છે. મોરબીના સિરામિક ઉદ્યોગમાં વપરાતા પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટન રૂ. ૭૩૦૦નો મોટો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

કંડલા અને પોરબંદરથી મોરબી તરફ આવતા પ્રોપેન ગેસના ભાવમાં આ વધારો કરવામાં આવ્યો છે, જેનાથી ઉત્પાદન ખર્ચમાં સીધો મોટો ઉછાળો આવશે.અત્યાર સુધી નેચરલ ગેસ અને પ્રોપેન ગેસના ભાવ વચ્ચે થોડો તફાવત હતો. નેચરલ ગેસ કરતા પ્રોપેન ગેસ થોડો સસ્તો મળતો હોવાથી ઉદ્યોગકારો પ્રોપેન ગેસનો ઉપયોગ કરીને કામ ચલાવી લેતા હતા અને પ્રોડક્શન ચાલુ રાખતા હતા. પરંતુ હવે પ્રોપેન ગેસના ભાવમાં આટલો મોટો વધારો થતાં તેના ભાવ પણ નેચરલ ગેસની આસપાસ પહોંચી ગયા છે, જેના કારણે સસ્તા બળતણનો વિકલ્પ પણ હવે છીનવાઈ ગયો છે .આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિ હજુ સંપૂર્ણપણે શાંત થઈ નથી, જેના કારણે સિરામિક ક્ષેત્રે મંદીનો માહોલ યથાવત છે. એક તરફ તૈયાર માલનો ઉપાડ ઓછો છે અને બીજી તરફ ગેસના સતત વધતા જતા ભાવોને કારણે પ્રોડક્શન કોસ્ટ (ઉત્પાદન ખર્ચ)ને પહોંચી વળવું ઉદ્યોગકારો માટે અત્યંત મુશ્કેલ બની ગયું છે. ગેસના આ આકરા ભાવવધારાથી મોરબીના સિરામિક ઉદ્યોગકારોની ચિંતામાં ભારે વધારો થયો છે.

લાઘવિકા /શીર્ષક : દીવા પાછળ અંધારું - દીપક

ઋષિકેશ માસ્તર સંસ્કૃત ખૂબ સરસ ભણાવે. નાના ગામમાં ગુજરાતી શાળામાં સંસ્કૃતનાં શિક્ષક હતાં. ભણાવવાની સાથે કર્મકાંડની પ્રવૃત્તિ પણ કરતાં હતાં. નિવૃત્તિ પછી કર્મકાંડ ચાલુ રાખ્યું હતું.

આખા ગામનું ગોરપદુ સંભાળતા હતાં. ઘણાં વિદ્યાર્થીઓને સંસ્કૃતની તાલીમ આપી તૈયાર કર્યા હતાં. સારી તાલીમ પામેલા વિદ્યાર્થીઓ રોજીરોટી અર્થે શહેરમાં જઈ વસ્યાં હતાં.


તેમને એક દીકરો ને એક દીકરી હતાં. દીકરી દસ ધોરણ માંડ ભણી કે તેનાં લગ્ન કરી દીધા હતાં. દીકરો શિશીર ભણવામાં સાવ 'ઢ' હતો. શ્લોક આવડતાં નહીં કે ગોરપદું સંભાળી શકે. તેણે પૂજાપો વેચવાની દુકાન ખોલી હતી.

માસ્તરને અચાનક બ્રેઈન સ્ટ્રોક આવતાં કોમામાં જતાં રહ્યાં. એકાદ મહિનામાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો. આખું ગામ અંતિમયાત્રામાં આવ્યું હતું. શિશિરને આશ્વાસન આપતાં વિચારતાં હતા કે દીપક બુઝાઈ ગયો હવે, ગામનું અંધારું કોણ દૂર કરશે?

બીજે દિવસે ગોરમહારાજનાં બેસણામાં અબોટિયું ધારણ કરેલ વિદ્વાન પંડિત જેવા ગોરમહારાજનાં શિષ્યો હાજર થઈ ગયાં અને શિશિરે પોતાનાં પિતાજીની છબી સામે દીવડો પ્રગટાવ્યો.

કહેવત

વાડ વિના ના ચડતો વેલો' ઉપરથી વાર્તા - ધગશ



પારુલ નાયક 'શ્યામકૃતિ' (અમદાવાદ)

:લાઘવિકા:

વિષય: દીવા પાછળ અંધારું

શીર્ષક: દીપક

:કહેવત:

' વાડ વિના ના ચડતો વેલો '

શીર્ષક : ધગશ

વિશ્વાસ છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. તેનાં પપ્પા મયંકભાઈને છેલ્લા છ મહિનાથી હિસ્ટીરિયાની તકલીફ થઈ હતી. નિદાનમાં મગજની ગાંઠ છે તેવો રિપોર્ટ આવ્યો હતો. ત્રણ મહિના થતાં તેઓ દેવલોક પામ્યાં. આ ઘટના ૧૯૭૨ની સાલની છે. તે વખતે તબીબી વિજ્ઞાનમાં અત્યાર જેવાં ઓપરેશન થતાં નહોતાં, ઉપચાર પણ ઓછાં હતાં. અત્યારે મેડિકલ સાયન્સ ખૂબ આગળ વધી ગયું છે.

મયંકભાઈને સરકારી નોકરી હતી. નોકરીનો સમયગાળો બે વર્ષનો થયો ને તેમનું અવસાન થયું. તેથી પેન્શન પણ ઘરખર્ચ માંડ નીકળે એટલું જ આવતું હતું.

મમ્મી મયૂરાબહેન અને ત્રણ ભાઈબહેનનો પરિવાર હતો. મકાન ભાડાનું હતું. મયંકભાઈનાં ભાઈઓ પૈસાની મદદ કરી શકે તેવા સદ્ધર નહોતાં. પણ, વડીલોપાર્જિત મકાનમાં આશરો આપવાની પણ દાનત નહોતી. માણસની બે આંખોની જ શરમ હોય છે. ખરાબ સમયમાં કપડાં પણ પોતાનાં હોતાં નથી તો માણસ તો ક્યાંથી પોતાનો થાય?

મયૂરાબેનનાં પિયરવાળા, જે ગામડે રહેતાં હતાં, તેમણે લાગણીથી બહેન અને ત્રણ ભાણિયાઓને રહેવા એક રૂમ કાઢી આપી. રસોડું, સૂવા-બેસવાનો રૂમ કે વાંચવાનો રૂમ એ બધું આ એક રૂમમાં જ. વિશ્વાસે ગામની શાળામાં એડમિશન લઈ લીધું. વિશ્વાસ નાનપણથી ભણવામાં ખૂબ હોંશિયાર હતો. તેનાં માટે ઘરનું મહત્વ આશરો અને વાંચવા મળે એટલું હતું. ભણી-ગણીને પરિવારને ઉપર લાવવો હતો.

વિશ્વાસને ડૉક્ટર બનાવવાનું મયંકભાઈનું સ્વપ્ન હતું. તે પૂરું કરવા ભણવાની ધગશ સાથે પૈસાની પણ જરૂર હતી, જે તેનાં મામાએ પૂરી પાડી. બાર ધોરણ સારી રીતે પાસ કરી, શહેરની સરકારી તબીબી કોલેજમાં દાખલ થઈ ખૂબ ખંતથી પોતાની સારી કારકિર્દી બનાવી. આજે વિશ્વાસ સારો ફિઝિશિયન થઈ ગયો છે. તેણે મોસાળનાં ગામમાં જ દવાખાનું ખોલ્યું છે. ગામનાં દર્દીઓને દોડીને શહેર જવું પડતું નથી. ગામમાં જ સચોટ નિદાન અને ઉપચાર મળતો હોવાથી આજુબાજુના ગામોમાં પણ તેણે નામના મેળવી છે. નજીવી ફી લઈ દર્દીઓની સેવા કરે છે. જરૂર પડ્યે ગરીબ દર્દીઓની સારવારની ફી માફ પણ કરી દે છે.

મોસાળમાં સૌ ગૌરવ અનુભવે છે. 'વાડ વિના ના ચડતો વેલો' એમ સમજી વિશ્વાસ મોસાળનો ગુણ ભૂલ્યો નથી. મોસાળનો સાથ મળવાથી પોતે આ દરજ્જે છે. પિતાવિહોણા વિશ્વાસે પૈસાની તંગી ખૂબ અનુભવી હતી. તેથી તે બીજાની તકલીફ જાતે જ અનુભવી શકે છે. તબીબ બનતી વખતે લીધેલા શપથને સંપૂર્ણપણે આચરણમાં મૂકી દર્દીઓની સેવા અને સામાજિક જવાબદારી નિભાવતો તબીબ એટલે મયૂરાબેનનો દીકરો વિશ્વાસ.

નામ પ્રમાણે ગુણ !

પારુલ નાયક 'શ્યામકૃતિ' (અમદાવાદ)

અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓની ભેટઃ મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. ૫૦૦ કરોડથી વધુના આરોગ્ય પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણીથી આરોગ્ય સુખાકારી ક્ષેત્રે મોટું ટ્રાન્સફરમેશન આવ્યું છે - મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

અમદાવાદ,

રાજ્યના ખૂણે-ખૂણા સુધી ગુણવત્તાયુક્ત અને સંવેદનાસભર સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેના હસ્તે રૂ. ૫૦૦ કરોડથી પણ વધુના આરોગ્યલક્ષી વિકાસ પ્રકલ્પોની મહાભેટ આપવામાં આવી હતી.

અમદાવાદ ખાતે યોજાયેલા આરોગ્ય પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષોમાં દેશ અને રાજ્યના આરોગ્ય ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું છે. 'સર્વે ભવંતુ સુખીનઃ સર્વે સંતુ નિરામયાઃ'ની ભાવના સાકાર કરવા તરફ આજે ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે વધુ એક મક્કમ ડગલું ભર્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણી દ્વારા 'હોલિસ્ટિક હેલ્થ કેર'નો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું હતું કે,એક સમયે ગંભીર બીમારીના કારણે પરિવારો આર્થિક દેવામાં ડૂબી જતા હતા, પરંતુ આયુષ્માન ભારત યોજના હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર આપી ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોને આર્થિક સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. રાજ્યમાં ૨.૮૭ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ એનાયત કરાયા છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આંકડાકીય વિગતો આપતાં જણાવ્યું કે,વર્ષ ૨૦૦૧-૦૨માં માત્ર ૮ મેડિકલ કોલેજો હતી, જે વધીને ૨૦૨૫-૨૬માં ૪૩ થઈ છે.

એમ.બી.બી.એસની બેઠકો ૧,૩૭૫થી વધીને ૭,૫૨૫ થઈ છે.

આરોગ્ય ક્ષેત્રે ભવિષ્યના આયોજનની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં એઇમ્સ કાર્યરત થઈ છે અને જામનગરમાં વિશ્વનું પ્રથમ 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' આકાર લઈ રહ્યું છે. અમદાવાદ મેડિસિટી ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, જે સ્ટ્રોક, બ્રેઈન ટ્યુમર અને ન્યૂરો સંબંધિત જટિલ બીમારીઓ માટે અદ્યતન સારવાર અને સંશોધન પૂરું પાડશે. નાગરિકોને 'હેલ્થ કેર અંડર વન અમ્બ્રેલા' સેવાઓ મળી રહે તે માટે અમદાવાદની જેમ હવે વસઈ અને કામરેજ ખાતે અંદાજે રૂ. ૩૦૦૦ કરોડના ખર્ચે નવી મેડિસિટી વિકસાવવાનું આયોજન છે. સાથો સાથ ગાંધીનગર અને સુરતમાં પણ કાર્ડિયોલોજી તથા ન્યૂરોલોજીની સેવાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે સહિતની વિગતો આપી હતી

મુખ્યમંત્રીશ્રીએ તબીબો અને આરોગ્ય કર્મચારીઓને અપીલ કરતાં જણાવ્યું કે, માત્ર રોગનું નિદાન અને સારવાર જ નહીં, પરંતુ દર્દી અને તેના પરિવારમાં વિશ્વાસ જગાવી માનસિક સહારો આપવો એ આપણું નૈતિક કર્તવ્ય છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે 'સ્વસ્થ ગુજરાત'નું નિર્માણ કરવા સૌ સાથે મળીને કટિબદ્ધ બનીએ

આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આરોગ્ય ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. રૂ. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યભરમાં ૨૫૫ જેટલી આરોગ્ય સંસ્થાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી છેવાડાના નાગરિક સુધી શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ પહોંચશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૫૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી ૫૨૫ બેડ અને ૧૩ અદ્યતન ઓપરેશન થિયેટર યુક્ત 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' જટિલ ન્યૂરો સંબંધિત બીમારીઓ માટે સંજીવનીરૂપ સાબિત થશે

તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં આ જ સંકુલમાં એક સુસજ્જ 'સ્પાઈન હોસ્પિટલ'નું પણ આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય સારવાર મળી રહેશે.

મંત્રીશ્રીએ રાજ્યના આરોગ્યકર્મીઓ, ડૉક્ટરો અને આશા વર્કરોની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, ટીબી મુક્ત, ચાંદીપુરા વાયરસ તથા મલેરિયા નિયંત્રણ અને માતૃ-બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં ગુજરાતે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. તેમણે ઓર્ગન ડોનેશનમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહેલી ગુજરાતની હોસ્પિટલો અને ૧૪૦૦થી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સની અવિરત ઈમરજન્સી સેવાઓ રાજ્યના દરેક નાગરિકના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતુ

અત્રે ઉલ્લેખનીય છે કે ×દર્દીને પોતાના વિસ્તારમાં જ સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળે× તેવા ઉદાત્ત હેતુથી રૂ. ૧૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૨૫૫ આરોગ્ય સુવિધાઓનું ઈ-લોકાર્પણ અને રૂ. ૩૪૭ કરોડના ખર્ચે થનારી ૪૫ નવી આરોગ્ય ક્ષેત્રે વિકાસ કામગીરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે અમદાવાદ ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે આકાર લેનાર 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર'નું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું,

જે ગુજરાત અને પડોશી રાજ્યોના દર્દીઓ માટે અત્યાધુનિક ન્યુરો સારવારનું નવું આશાકિરણ બનશે.



ગુજરાતના નાગરિકોને ઘરઆંગણે સમયસર નિદાન, યોગ્ય સારવાર અને માનવીય સંવેદનાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ. ૫૦૦ કરોડથી વધુના આરોગ્યલક્ષી વિકાસ કાર્યોની મહાભેટ આપવા માં આવી હતી

આ પ્રસંગે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે વિકસાવવામાં આવનાર 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ,આ સંસ્થા ૫૮,૮૩૧ ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તારમાં આકાર લેશે અને તે ૫૨૧ પથારીની ક્ષમતા ધરાવશે. આ સેન્ટરમાં ૨૮૮ જનરલ વોર્ડ બેડ, ૧૬૦ આઈ.સી.યુ. બેડ, ૫૭ સ્પેશિયલ અને સેમી-સ્પેશિયલ બેડ તેમજ ૧૬ ટ્રાયેજ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે.

આ સંસ્થામાં ૧૩ આંતરરાષ્ટ્રીય ધોરણના ઓપરેશન થિયેટર, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, ઈમરજન્સી રેડિયોલોજી, અત્યાધુનિક પ્રયોગશાળા , બ્લડ બેંક, સેન્ટ્રલ સ્ટેરાઈલ સર્વિસિસ વિભાગ , ન્યુમેટિક ટ્યુબ સિસ્ટમ અને ઈન-હાઉસ ન્યુરો-રિહેબિલિટેશન સેન્ટર જેવી વર્લ્ડ-ક્લાસ સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ સેન્ટર ગુજરાત ઉપરાંત આસપાસના રાજ્યો માટે પણ અદ્યતન ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી સારવારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે. સ્ટ્રોક, મગજ અને કરોડરજ્જુની જટિલ બીમારીઓ, અકસ્માતમાં થતી ન્યુરોલોજિકલ ઈજાઓ તથા લાંબા ગાળાના પુનર્વસન માટે આ સંસ્થા દર્દીઓ અને તેમના પરિવારો માટે નવી આશા પૂરી પાડશે.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા,મેયર હિતેશ બારોટ, જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ,સાંસદ સભ્ય સર્વે દિનેશ મકવાણા,હસમુખ પટેલ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, ધારાસભ્ય સર્વે અમુલભાઈ ભટ્ટ, કૌશિક જૈન, શહેરી આરોગ્ય કમિશનર ડો સંધ્યા ભૂલ્લર,ગ્રામ્ય આરોગ્ય કમિશનર રતનકવર ગઢવી ચારણ, અધિક નિયામક ડો નીલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

25-10-2026_42 Jan Fariyad_New_P-2